જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૨/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૧૨/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૨	૧	૧૧૭૪૩	૧૭૮૪૮	૧	૧૭૮૪૯
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૪૩૦	૮૫	૮૩૫૧૫	૮૪૪૨૧	૮૧	૮૪૫૦૨
કુલ		૧૦૦૦૩૪	૮૬	૧૦૦૧૨૦	૧૦૮૯૫૪	૮૨	૧૦૯૦૩૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૮	૪,૯૮,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૬૨	૪,૬૨,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

મિલકત સબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા શરીર સબંધી તથા મિલકત સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ આર.એચ.વાળા પોલીસ ઇન્સ્પેક્ટર શાહપુર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન આધારે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા ઇસમ નામે મોહમદ આરીફ ઉર્ફે છોટા કાલીયા સ/ઓ શબ્બીરભાઇ સિપાઇ ઉવ-૨૭ રહે.દિવાનશાહ મસ્જીદની સામે, જુલાઈવાડા, શાહપુર અમદાવાદ શહેર નાઓની વિરૂધ્ધ દાખલ થયેલ જુદા-જુદા ગુના આધારે સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા હુકમ કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડની ટીમે ઉપરોકત આરોપીને શોધી કાઢી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૧૫૫/૨૦૨૨ તા.૧૫/૦૨/૨૦૨૨ ના આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેઇન કરી રાજકોટ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

સારી કામગીરી કરનાર ટીમ

(૧) પો.સ.ઈ. એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડ ટીમ
(૨) મ.સ.ઇ વિરભદ્રસિહ વિજયસિહ બ.નં.૮૧૫૫
(૩) અ.હે.કો. જેરામભાઇ વાલજીભાઈ બ.નં.૪૫૪૮
(૪) અ.પો.કો. શક્તિસિંહ ગોવિંદસિંહ બ.નં.૭૧૩૪



શહેરકોટડા પોલીસ સ્ટેશન (૧)

પ્રોહિબીશન ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા શક્તિકુમાર ઉર્ફે જીગર પ્રકાશભાઇ હડીયલ ઉ.વ.૨૬ રહે- આંબાપુરાની ચાલી, નરોડા રોડ ફુટ માર્કેટની પાછળ, નરોડા રોડ, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦ ૪૧૨૧૨૮૭૦/૨૦૨૧ પ્રોહિ.એક્ટ કલમ ૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબ તથા (૨) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૦૪૮૯/૨૦૨૨ પ્રોહિ.એક્ટ કલમ ૬૫(ઇ), ૬૬(બી) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૫૪/૨૦૨૨ તા.૧૫/૦૨/૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૫/૦૨/૨૦૨૨ ના કલાક ૨૩/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



શહેરકોટડા પોલીસ સ્ટેશન (૨)

મિલકત સબંધી તથા શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા મોહમંદજુબેર જુમ્માભાઇ ઉર્ફે મુન્નાભાઇ શેખ ઉ.વ.૨૦ રહે, સુલેમાની રોજાની ચાલી, નિર્મળપુરા ચાર રસ્તા પાસે, સરસપુર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૦૦૫૬૦/૨૦૨૦ ઈપીકો ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૦૦૫૮૦/૨૦૨૦ ઈપીકો કલમ ૫૦૬(૨), ૧૧૪ મુજબ તથા (૩) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૦૪૫૪/૨૦૨૨ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૫૩/૨૦૨૨ તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૫/૦૨/૨૦૨૨ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૧૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૨૪૮ લીટર દેશી દારૂ, ૫૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯,૬૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૧૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૩૧૫/૨૦૨૨**

ક્રાઈમ બ્રાન્ચઃ મીત શૈલેષકુમાર પટેલ (ઉ.વ.૨૨) (રહે. એમ/૬ શિવ રેસીડેન્સી ફ્લેટ શીલ્પ-૧ બંગ્લોઝ સામે બાપા સીતારામ રોડ નવા નરોડા) એ તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/૨૦૨૧ થી તા.૧૦/૦૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન અમદાવાદ આંબાવાડી પંચવટી ખાતે આવેલ કોમ્પલેક્ષ મા આવેલ ઓફીસ ખાતેથી આરોપી (૧) રમેશભાઇ સોમાભાઇ પટેલ (રહે. આઇ/૧૮, શિવ રેસીડેન્સી ફ્લેટ, શીલ્પ-૧ બંગ્લોઝ સામે બાપા સીતારામ રોડ નવા નરોડા) (૨) સુશીલ રોય અને (૩) કમલ સીંઘાનીયા એ ભેગા મળી મીત પટેલ અને મીત પટેલના પિતા શૈલેષકુમાર પટેલને વિશ્વાસમાં લઇ મીત પટેલને વર્ક પરમીટ ઉપર કેનેડા ખાતે મોકલવાનુ જણાવી મીત પટેલને કોલકત્તા ખાતે મોકલી કોલકત્તા ખાતેની જુદી-જુદી જગ્યાએ તા.૨૮/૧૧/૨૦૨૧ થી તા.૧૦/૦૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન મીત પટેલને ગોંધી રાખી હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી બળજબરીથી મીત પટેલ પાસેથી ૩૫૦૦ અમેરીકન ડોલર તેમજ સોનાની કડી કિમત રૂપિયા ૩૦૦૦/- કઢાવી લઈ તેમજ મીત પટેલના પિતા શૈલેષકુમાર પટેલ પાસેથી કુલ રૂપિયા ૪૬,૦૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિશ્ચિયન ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૧૬/૨૦૨૨**

વટવાઃ હરીશભાઈ જયંતીલાલ રાઠોડ (રહે. ઓમ શાંતિ બંગ્લોઝ નર્મદેશ્વર મહાદેવની સામે ગેટ નંબર-૧ ની બાજુમાં ઘોડાસર વટવા) એ તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૨ સાંજના ૮/૩૦ થી તા.૧૫/૦૨/૨૦૨૨ સવારના ૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૯૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.વી.સીસારા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૧૭/૨૦૨૨**

કાગડાપીઠઃ રસીકભાઇ સોમાભાઇ પટેલ (ઉ.વ.૬૩) (રહે. હર્ષદ કોલોની ઇન્ડીયા કોલોનીની બાજુમાં બાપુનગર) એ તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૨ બપોરના ૨/૩૦ થી સાંજના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બોટાદ એસ.ટી સ્ટેન્ડ થી અમદાવાદ ગીતામંદીર સુધી બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ રસીકભાઈ પટેલના બેગમાંથી ડાયમંડ ભરેલ પાર્સલ કિમત રૂપિયા ૯,૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૩૧૮/૨૦૨૨**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ જગજીવનદાસ પ્રેમજીભાઈ ચુડાસમા (ઉ.વ.૭૬) (રહે.ગણેશપાર્ક સોસાયટી ધોળેશ્વર મહાદેવ સામે ગોવિંદવાડી ઈસનપુર) તા.૧૧/૦૨/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે ઈસનપુર જીવણપાર્ક સામેથી સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાયકલને ટક્કર મારતા જગજીવનદાસ ચુડાસમાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૨/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર જગજીવનદાસની પુત્રી વર્ષાબહેન ચુડાસમાએ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૧૯/૨૦૨૨**

સોલા હાઈકોર્ટઃ પુષ્પાબહેન માધાભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે. કબુતરખાના વસંતનગર ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પાવડર પી લીધો હતો. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૨/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.